પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૫૬ | ૧૦ માર્ચ, ૨૦૨૨, ગુરુવાર; ફાગણ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આજે પાંચ રાજ્યોમાં મતગણતરી

**ઉત્તર પ્રદેશ અને પંજાબના સંદર્ભે દેશભરમાં ભારે ઉત્તેજના : હજારો કરોડનો સટ્ટો ખેલાયો : ઉત્તરાખંડ અને ગોવામાં કસમેકશ જંગ હોવાનું એક્ટીઝપોલનું તારણ : એક્ઝીટપોલ સંદર્ભે દેશભરમાં ભારે વિવાદ : ઉત્તરપ્રદેશમાં કેટલાક ઈવીએમ મશીનના સંદર્ભે ઉહાપોહ**

નવી દિલ્હી, તા.૯

દેશના પાંચ રાજ્યોમાં ૫૪ દિવસ ચાલેલી ચૂંટણી પ્રક્રિયા બાદ ૧૦મીએ મતગણતરી હાથ ધરાશે. ઉત્તરપ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને મણીપુરના પાટનગરોમાં ભારે ઉત્તેજનાઓ વચ્ચે સવારે ૮ વાગ્યાથી મતગણતરી આરંભાશે.

એક અંદાજ મુજબ બપોરે ૧૨ વાગ્યા સુધીમાં મોટાભાગના રાજ્યોમાં ચિત્ર સ્પષ્ટ બની જશે. જોકે ઉત્તરપ્રદેશ અને પંજાબ સંદર્ભે દેશભરમાં ભારે ઉત્તેજના પ્રવર્તે છે.

એક્ઝિટપોલના તારણો



કેટલા સાચા પડે છે અને કેટલા ખોટા પડે છે એ સંદર્ભે પણ સોશ્યલ મિડીયા અને ઈલેક્ટ્રોનિક મીડીયા પર ભારે વિવાદ જામ્યો છે. ઉત્તર પ્રદેશમાં આક્ષેપો - પ્રતિઆક્ષેપોનું યુદ્ધ ચાલે છે. જ્યારે સમાજવાદી પક્ષના અખિલેશ યાદવે સમગ્ર ઉત્તરપ્રદેશમાં સમાજવાદી કાર્યકરોને ઈવીએમ મશીનની સુરક્ષા માટે આદેશો આપ્યા છે. જોકે એક સ્થાનેથી ઈવીએમ મશીનોની હેરાફેરી અને બેલેટ પેપર મળી આવતા વાતાવરણ તંગ બન્યું

● અનુસંધાન પાન-૭ પર

## એલઆઈસીના ઈશ્યુને સેબીએ મંજૂરી આપી

**એલઆઈસીના આઇપીઓ પર કેન્દ્ર સરકાર નિર્ણય લેશે : પોતાના હિસ્સાના પાંચ ટકા શેર વેચીને કેન્દ્ર સરકાર રૂપિયા ૬૬,૦૦૦ કરોડ એકત્ર કરવા ઈચ્છા ધરાવે છે**

નવી દિલ્હી, તા.૯

દેશની સૌથી મોટી ઈસન્યુરન્સ કંપની લાઈફ ઈનસ્યુરન્સ કોર્પોરેશન (એલઆઈસીકે જીવન વીમા નિગમ)ના ૩૧.૬૨ કરોડ શેરના ઈસ્યુને માર્કેટ રેગ્યુલેટર સેબીએ મંજૂરી આપી છે.





પોતાના હિસ્સાના પાંચ ટકા શેર વેંચી કેન્દ્ર સરકાર રૂ ૬૬,૦૦૦ કરોડ એકત્ર કરવાની ઈચ્છા ધરાવે છે. જોકે યુક્રેન ઉપર રશિયાના હુમલાના કારણે આ પબ્લીક ઈસ્યુ ઉપર જોખમ ઉભુ થયુ છે. આઈપીઓ માર્ચ પહેલા લાવવો કે આગામી નાણાકીય વર્ષમાં તેનો અંતિમ નિર્ણય કેન્દ્ર સરકાર લેશે.

સેબી સમક્ષ તા. ૨૬ ફેબ્રુઆરીએ ફાઈલ કરેલા દસ્તાવેજ અનુસાર એલઆઈસીનું મૂલ્ય રૂ.૫,૩૯,૬૮૬કરોડ આંકવામાં આવ્યું છે અને કુલ પ્રીમિયમ આવકની દ્રષ્ટિએ કંપની વિશ્વમાં પાંચમા ક્રમે આવે છે.

એલઆઈસીના કુલ ૩૧.૬૨ કરોડ શેરનો પબલિક ઈસ્યુ આવશે. કુલ શેરમાંથી કર્મચારીઓને પાંચ ટકા અને પોલિસી ધારકોને ૧૦ ટકા શેર ઑફર કરવામાં આવશે. પોલિસી ધારક કે કર્મચારી રૂ. બે લાખથી વધુની વ્યકિત ગત અરજી કરી શકશે નહિ.

જેટલા શેર ઑફર કરવામાં આવ્યા છે તેના આધારે કેન્દ્ર સરકારના રૂ. ૭૫,૦૦૦ કરોડ એકત્ર કરવા માટે શેરનો ભાવ ૨૩૮૯થી ૨૪૭૪ વચ્ચે રહે એવી શક્યતા છે. આ ભાવની સ્તવર જાહેરાત ઈસ્યુ ખોલવાના આગેલા દિવસે થશે.

ઈસ્યુ પછી કંપનીનું બજાર મૂલ્ય રૂ. ૧૨ લાખથી ૧૫ લાખ કરોડ રહે એવી શક્યતા છે. જો આમ થાય તો કંપની દેશની સૌથી મૂલ્યવાન કંપનીઓમાં પ્રથમ ૧થી ૩ સ્થાન ધારણ કરશે.

## રાજકારણમાંથી સન્યાસ લેવા એ. કે. એન્ટોનીની જાહેરાત

**કૉંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ સંરક્ષણ મંત્રી**

નવી દિલ્હી, તા.૯

કૉંગ્રેસના દિગ્ગજ નેતા અને યુપીએ સરકારમાં સંરક્ષણ મંત્રી રહી ચુકેલા એ કે એન્ટનીએ રાજનીતિમાંથી સન્યાસ લેવાની જાહેરાત કરી છે.

સોનિયા ગાંધીને લખેલા પત્રમાં તેમણે કહ્યુ છે કે, રાજકીય જીવનને અલવિદા કહ્યા બાદ હું દિલ્હીમાં પણ નહીં રહુ અને કેરાલા શિફટ થઈ જઈશ. એન્ટનીનો રાજ્યસભામાં સાંસદ તરીકેનો કાર્યકાળ પણ બે એપ્રિલે પુરો થવાનો છે.

તેમણે જાહેરાત કરી છે કે, એ પછી હું રાજનીતિમાં નહીં આવું અને કોઈ ચૂંટણી પણ નહીં લડું. દિલ્હી તેમજ સંસદને હું હંમેશા માટે અલવિદા કહીશ. એન્ટની ૫૨ વર્ષથી રાજકારણમાં સક્રિય છે. તેઓ ૩૭ વર્ષની વયે કેરાલાના મુખ્યમંત્રી બન્યા હતા.

## આસામ નપામાં ૮૦માંથી ૭૪ ઉપર ભાજપનો કબજો

**કૉંગ્રેસના ભાગે એક નગર પાલિકા આવી છે, ભાજપની સહયોગી અસમ ગણ પરિષદની બે નગર પાલિકામાં જીત**

દિસપુર, તા.૯

આવતીકાલ, ૧૦ માર્ચે પાંચ રાજયોની ચૂંટણીના પરિણામ આવે તે પહેલા ભાજપને આસામમાંથી સારા ન્યૂઝ મળ્યા છે.

આસામમાં નગર પાલિકાની ચૂંટણીમાં ભાજપનો જયજયકાર થયો છે.૮૦માંથી ૭૪ નગર પાલિકાઓ પર ભાજપે કબ્જો કર્યો છે. જ્યારે કૉંગ્રેસના ભાગે માત્ર એક નગર પાલિકા આવી છે.ભાજપની સહયોગી અસમ ગણ પરિષદ પાર્ટીને બે નગર પાલિકામાં જીત મળી છે.અન્ય બે નગર પાલિકામાં અપક્ષનો દબદબો જોવા મળ્યો છે. આસામમાં નગર પાલિકાના ૮૦ બોર્ડ છે અને કુલ ૯૨૦ વોર્ડનો સમાવેશ થાય છે.કુલ મળીને ૨૫૩૨ ઉમેદવારો ચૂંટણીમાં હતા.

દરમિયાન મતગણતરી બાદ પરિણામો જાહેર થઈ રહ્યા છે અને આસમમાં ભાજપનુ વર્ચસ્વ યથાવત હોવાનુ પરિણામો કહી રહ્યા છે.

## ૧૨૦૦૦ રશિયન સૈનિકોના મોત થયા : યુક્રેનનો દાવો

કીવ, તા.૯

રશિયા અને યુક્રેન વચ્ચેના જંગમાં યુક્રેને હવે નવો દાવો કરીને કહ્યુ છે કે, નવ માર્ચ સુધીમાં ૧૨૦૦૦ રશિયન સૈનિકોના મોત થયા છે. યુક્રેનની સેનાએ કહ્યુ હતુ કે, રશિયાને ભારે નુકસાન ઉઠાવવુ પડયુ છે.રશિયન સેનાના ૩૭૧ ટેક્, ૧૦૭૦ બખ્તરિયા વાહનો, ૧૨૦ આર્ટિલરી સિસ્ટમ, ૨૮ એર ડિફેન્સ સિસ્ટમ તબાહ કરી દેવામાં આવી છે. યુક્રેનનુ કહેવુ છે કે, રશિયાએ અત્યાર સુધીમાં ૪૯ એરક્રાફટ તેમજ ૮૧ હેલિકોપ્ટર પણ ગુમાવ્યા છે.૩ રશિયન જહાજોને પણ તબાહ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, યુક્રેન પરના આક્રમણના કારણે યુક્રેનના લોકો પણ મોટા પાયે દેશ છોડી રહ્યા છે.અત્યાર સુધીમાં ૨૦ લાખ લોકો અન્ય દેશોમાં આશરો લઈ ચુકયા છે. યુક્રેન અને રશિયા વચ્ચેના જંગને ૧૪ દિવસ થઈ ગયા છે.જોકે હજી સુધી યુક્રેનની રાજધાની કીવ પર રશિયાનો સંપૂર્ણપણે કબ્જો થઈ શક્યો નથી.

# નાટોમાં સામેલ નથી થવું, બે ક્ષેત્રો પર સમજૂતી માટે તૈયાર : ઝેલેન્સ્કી

**યુદ્ધનું કારણ યુક્રેનની નાટોમાં સામેલ થવાની આશંકા પણ હતી : ઝેલેન્સ્કીએ અમેરિકી ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યુંમાં નાટો, પુતિન અને રશિયા દ્વારા માન્યતા આપવામાં આવી તેવા યુક્રેનના ક્ષેત્રો અંગે વાત કરી**

કીવ, તા.૯

રશિયા દ્વારા યુક્રેન પર હુમલો કરવામાં આવ્યો તેના પાછળ એક મોટું કારણ યુક્રેનની યુરોપીય દેશોના સૈન્ય સંગઠન નાટોમાં સામેલ થવાની આકાંક્ષા હતી. પરંતુ હવે યુક્રેનની આ ઈચ્છા સમાપ્ત થઈ રહેલી જણાય છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ જણાવ્યું કે, તેઓ યુક્રેનના નાટોમાં સામેલ થવા પર ભાર નથી આપી રહ્યા. સાથે જ ઝેલેન્સ્કીએ એમ પણ જણાવ્યું કે, રશિયા દ્વારા માન્યતા આપવામાં આવી તેવા યુક્રેનના ૨ અલગાવવાદી ક્ષેત્રો દોનેત્સ્ક અને લુહાંસ્ક અંગે પણ તેઓ સમજૂતી કરવા તૈયાર છે. પુતિને યુક્રેન પરના આક્રમણની બિલકુલ પહેલા યુક્રેનના આ બંને ક્ષેત્રોને સ્વતંત્ર ક્ષેત્રની માન્યતા આપી હતી.

(અનુસંધાન નીચેના પાને)

ઝેલેન્સ્કીએ સોમવારે રાતે અમેરિકી ટીવી ચેનલને ઈન્ટરવ્યુ આપ્યું હતું જેમાં તેમણે નાટો, પુતિન અને રશિયા દ્વારા માન્યતા



આપવામાં આવી તેવા યુક્રેનના ક્ષેત્રો અંગે ખુલીને વાત કરી છે. તેમના આ ઈન્ટરવ્યુ બાદ લાગે છે કે, ઝેલેન્સ્કી હવે રશિયા સામે નરમ વલણ અપનાવી રહ્યા છે.

ઈન્ટરવ્યુ દરમિયાન ઝેલેન્સ્કીએ સ્પષ્ટ કહ્યું કે, તેઓ એ વાત પર ભાર નથી આપી રહ્યા કે, યુક્રેન નાટોમાં સામેલ થાય. તેમણે નાટો સામે નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, 'મને એ સમજાઈ ગયું છે કે, નાટો અમને પોતાના ગઠબંધનમાં સામેલ નથી કરવા માગતું. મને જ્યારે આ વાત સમજાઈ ત્યારે મેં નાટોમાં સામેલ થવાના વિચારને પાછળ છોડી દીધો.

નાટો વિવાદિત વસ્તુઓ અને રશિયા સાથેની અથડામણથી ખૂબ જ ડરે છે.'

યુક્રેનના નાટોમાં સામેલ થવા અંગે સ્થિતિ સ્પષ્ટ કરતાં ઝેલેન્સ્કીએ કહ્યું કે, તેઓ એક એવા દેશના રાષ્ટ્રપતિ નથી બનવા માગતા જે ઘૂંટણીયે પડીને ભીખ માગે છે.

## ભારતીય એમ્બેસીએ યુક્રેનમાંથી પાકિસ્તાની છાત્રાને બહાર કાઢી

નવી દિલ્હી, તા.૯

યુક્રેન પર રશિયાના હુમલા બાદ ભારત સરકાર ઓપરેશન ગંગા હેઠળ ભારત સહિત પાડોશી દેશોના વિદ્યાર્થીઓને બહાર કાઢી રહી છે. ભારત સરકારે બાંગ્લાદેશ, નેપાળ અને પાકિસ્તાન સહિત કેટલાંય બીજા દેશોની મદદ કરી છે અને તેમને યુદ્ધક્ષેત્રમાંથી સુરક્ષિત બહાર કાઢ્યા હતા. આ દરમિયાન એક પાકિસ્તાની વિદ્યાર્થીની આસમા શફીકે ભારત સરકારના ખૂબ જ વખાણ કર્યા હતા.

એક વીડિયોમાં આસમાએ કહ્યું કે, હું યુક્રેન સ્થિત ભારતીય એમ્બેસીની ખૂબ આભારી છું. અમે ખૂબ જ ખરાબ હાલતમાં હતા પરંતુ તેમણે અમને સુરક્ષિત બહાર કાઢ્યા છે.

હું ભારતના પીએમ નરેન્દ્ર મોદીનો પણ મદદ માટે ધન્યવાદ માનું છું. ભારતીય એમ્બેસીના કારણે અમે સુરક્ષિત પરત ફરી રહ્યા છીએ.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧


નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

## હથિયારોનો સપ્લાય બંધ કરો, નહીં તો ઘાતક પરિણામ આવશે

**પુતિનની યુરોપિયન યુનિયન અને નાટોને ધમકી : યુએસ-બ્રિટન સહિતના ઘણા દેશો રશિયા પર લગાવવામાં આવેલા પ્રતિબંધોમાં સતત વધારો કરી રહ્યા છે, આ સાથે ઘણા દેશો યુક્રેનને મદદ પણ કરી રહ્યા છે**

નવી દિલ્લી,તા.૯

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો આજે ૧૪મો દિવસ છે. બંને દેશો વચ્ચે યુદ્ધ ચાલુ છે અને રશિયન હુમલા બાદ યુક્રેનની સ્થિતિ બગડી રહી છે. તો બીજી તરફ અમેરિકા અને બ્રિટન સહિતના ઘણા દેશો રશિયા પર લગાવવામાં આવેલા પ્રતિબંધોમાં સતત વધારો કરી રહ્યા છે. આ સાથે ઘણા દેશો યુક્રેનને મદદ પણ કરી રહ્યા છે. યુદ્ધના લીધે વધતા પ્રતિબંધ વચ્ચે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુરોપિયન યુનિયન અને નાટો દેશોને ચેતવણી આપી છે. જેમાં કહ્યું છે કે પશ્ચિમી દેશો યુક્રેનને ઘાતક હથિયારો મોકલી રહ્યા છે. રશિયાએ કહ્યું કે હથિયારોનો સપ્લાય બંધ કરો, નહીં તો ઘાતક પરિણામ આવશે.



યુક્રેન સાથે ચાલી રહેલા યુદ્ધ હવે વિશ્વયુદ્ધમાં પરિણમે તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. ખુલીને યુક્રેનને સમર્થન આપ્યા બાદ હવે પશ્ચિમી દેશો તેમને છુપી રીતે મદદ પણ કરી રહ્યા છે. જેથી રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુરોપિયન યુનિયન અને નાટો દેશોને ચેતવણી આપી છે. જેમાં પુતિને કહ્યું છે કે યુક્રેનને મદદ કરવા માટે પશ્ચિમી દેશો ઘાતક હથિયારો મોકલી રહ્યા છે. ત્યારે પુતિને કહ્યું છે કે હથિયારોની સપ્લાય બંધ નહીં થાય તો ઘાતક પરિણામ માટે તૈયાર રહેજો. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પર આકરા પ્રહાર કર્યા છે. જેમાં તેમણે કહ્યું કે યુક્રેનમાં યુદ્ધ રશિયાને નબળું પાડશે. પરંતુ આ યુદ્ધ સમગ્ર વિશ્વને મજબૂત કરશે. વધુ તેમણે કહ્યું કે પુતિન યુક્રેનમાં

● અનુસંધાન પાન-૭ પર

એલર્જી નિદાન કેમ્પ

એલર્જીની સમસ્યાના નિવારણ માટે સ્પેશિયલ ડિસ્કાઉન્ટ સાથેના કેમ્પનું આયોજન

તારીખ : ૧૨/૦૩/૨૦૨૨, શનિવાર

એલર્જીના લક્ષણો માટે ફ્રી કન્સલટેશન

: વધુ માહિતી માટે સંપર્ક :
94095 83530

રજીસ્ટ્રેશન ફરીજ્યાત છે.
રજીસ્ટ્રેશન નંબર : 94095 83530

Hi-Tech Hospital
સ્થળ : C/o DR. DEVI GAJJAR
Sector-3/D, Gandhinagar.